ॐ

વૈરાગ્ય-ભજનમાળા

કર્તા

મણીશંકર રણછોડજી

વ્યાસ એફ. ટી. એસ.

સંવત ૧૯૬૧ સને ૧૯૦૫

મુલ્ય ૨ આના [illegible]

સુરત "ખોદાબક્ષ" પ્રેસ

હમણાં જયાં ત્યાં વિષયને ઉત્તેજીત કરે એવા નાટકીય ગાયનો ગાવાનો ઉત્સાહ વધતો જાય છે. જાહેર સભા કે ટીચાર્ટીઓના મેળાવડાઓમાં "પ્યારા પ્યારી" ના ગાયનો છુટથી ગવાય છે. યુવાન મંડળમાં જયાં ત્યાં "ધીમા ધીમા ચાલો મારા પ્રાણ" "હું તારો પ્યારો ને તું મારી પ્યારી" "હું મસ્તાની પ્રેમની મને કોઇ ના છેડોરે" અને એવાજ ભાતના અસંખ્ય ગાયનો પ્રીતપાત્ર હરી ચુક્યું છે. કેટલાંક ગાયનો તો એવાં અશ્લીલ હોય છે કે જે સાંભળી સુજ્ઞ મનુષ્યને સહજ અણગમો ઉત્પન્ન થાય. વારંવાર આવાં અનિતિ વર્ધક ગાયનો ગાવાથી પારણામ શું આવે છે? પરિણામ એજ આવે છે કે એથી અનિતિના જંતુઓ પોષાય છે અને તેથી કરીને યુવાન પુરૂષો ઊત્તરોત્તર અધિક અનિતિવાન બનતા જાય છે. આવાં વિષય ઉત્તેજક ગાયનોથી સુક્ષ્મ દેહમાં આનાતની સુદ્રઢ છાપ પડે છે અને તેથી જુવાની દીવાની બની અનર્થના ખાડામાં હડસેલી મુકે છે એ સુજ્ઞ પુરૂષોને અજ્ઞાત તો નથીજ,

એકલાં વિષય ઊત્તેજક ગાયનોજ આટલો અનર્થ કરે છે. એમ નથી. હમણાંના નાટકો અને નોવેલો પણ શું કરે છે! સેંકડે નવાણું ટકા યુવાન પુરૂષોના હૃદયમાં એક એવા પ્રકારના કીડાને ઊછેરે છે કે તે કીડો ધીમે ધીમે વૃધ્ધિગત થઇ તે યુવાન પુરૂષોના તન મન અને ધનનું સત્યાનાશ વાળી અંતે અધોગતિએ પહોંચાડે છે. અને એ કીડો તે બીજો કોઇજ નહીં પણ વિષય રૂપી મહાન ઝેરી કીડો છે.

હમણાના કેટલાક અનિતિવર્ધક નાટકોને હું "સુધરેલી ભવાઈ" સિવાય બીજું કોઇ પણ ઉપનામ આપી ...2

હાલના કેટલાક નાટકોમાં ભજવાતા હાવભાવ

પ્રેક્ષકો તરફથી થતા વન્સમોર અને તાલીઓથી શું સિધ્ધ થાય છે ! એજ કે અનિતિના ચેપી જંતુઓ પોષાઈ અધોગતિનો માર્ગ તૈયાર કરે છે. સ્થલ સંકોચને લીધે આ વિષય પર સંપૂર્ણ લખી શકાયું નથી.

મનુષ્ય જેવા વિચાર કરે છે તેવો થાય છે. નિરંતર વિષયના વિચાર કરનાર વિષયીજ બને છે. ભુતના વિચાર કરનાર કાળે કરી ભુતને જુએજ છે. એવીજ રીતે હમણાંના યુવાનો વિષય ઉત્તેજક ગાયનો ગાય છે અને તે ગાયનોના સુક્ષ્મ દેહમાં જાણે અજાણે છાપ પડવાથી અનિતિને માર્ગે દોરાય છે. તે ન દોરાતા શુદ્ધ સનાતન માર્ગ પ્રતિ વલણ થાય તે અર્થે નાટકીય રાગોમાં મેં કેટલાક ઈશ્વર ભજન બનાવવાનો પ્રારંભ કર્યો હતો. એ ભજનોથી મારા સંબંધમાં આવતા કેટલાક આત્મબંધુઓ અતિ પ્રસન્ન થયા અને છપાવી પ્રસિધ્ધ કરાવવા ઉત્કટ ઇચ્છા દરશાવવાથી આ નાની સરખી ચોપડી વાંચકના હસ્તકમળમાં આવવા પામી છે.

યોગ્ય આશ્રય મળતાં કેટલાક અધ્યાત્મ વિદ્યા સંબંધી લેખો પ્રસિદ્ધ કરવા ઇચ્છા છે. પ્રીય વાંચક ? આપના તથા સમગ્ર વિશ્વ—બંધુઓના કલ્યાણના શુભ સંકલ્પ કરી અત્ર જ વિરમાય છે. ઈતિશીવમ્ શીવમ્

ઓમ શાંતિ. શાંતિઃ શાંતિઃ

માંડવી શહેર

સર્વમાં ભ્રાતૃભાવે

મણીશંકર રણછોડજી વ્યાસ.

ઉત્સર્ગ

નિર્ધરસ્વરૂપ પુજ્યપિતાશ્રી રણછોડજી ગોપાળજી વ્યાસ

મુ૦ માંડવી-સુરત

પિતાના પુત્ર પ્રત્યેના ઉપકારોનુ વર્ણન થઇ શકે એમ છેજ નહિ. એમ છતાં આપે મુખ્યત્વે કરીને મારામાં અધ્યાત્મ વિદ્યાના તત્વોનુ આરોપણુ કરયુ છે. અને તત્વજ્ઞાન મેળવવામાં આપે મને જે અનુકુળતા આપી છે તે અપૂર્વજ છે. હુ મારા અંતરસ્તમ પ્રદેશમાં જે આનંદ અનુભવું છુ તે પ્રતાપ પણ આપના કૃપારૂપેજ હોવાથી તથા આપના જેવા આત્મજ્ઞાનના અધિક અધિકારી મારી દષ્ટિમાં નહી આવવાથી આપનેજ આ નાનકડી ચોપડી ઉત્સર્ગ કરૂં છું તે સ્વિકારી જન્મો જન્મના આભારી શેવકને અધિકતર આભારી કરશો. એજ વિજ્ઞપ્તિ છે.

લી૦ હું છું આપનો

આત્મજ

મણીશંકર રણછોડજી વ્યાસ.

ગુરૂનામ સ્મરવા મુર્ખ મનને ઉપદેશ.

નિત્ય નિત્ય ભજીએ તારૂં નામ-એ રાગ.

મુર્ખમન સ્મરરે, ગુરૂનામ, ગુરૂનામ, ગુરૂનામરે,
જુઠા જગતમાં સાચું ગુરૂનામ છે
ગુરૂનામ નૌકા બેસી, તરી સર સંસૃતિ ×
ત્વરાથી પહોંચી જા અચળધામ, અચળધામ, અચળ
ધામરે—જુઠા.

વિષયો વિકારી જે છે, ગુરૂવર કાપી દેશે
પળે પળે રટરે રામરામ, રામરામ, રામરામરે—જુઠા.
ગુરૂનામ આશ્રય સાચો, બીજાનો ભરોસો કાચો
પીલે પ્રીતેથી સુધાજામ, સુધાજામ, સુધાજામરે—જુઠા.
તનમન ધન દુઃખ નિવારે, સુખ અને શાંતિ પ્રસારે
એથીજ સધાશે સર્વકામ, સર્વકામ, સર્વકામરે—જુઠા.
જન્મ મૃત્યુ ટળી જાશે, મોક્ષગતિ સત્વર થાશે
મણીને મોટી છે હરિહામ, હરિહામ, હરિહામરે—જુઠા

હરીનામ સ્મરતા જીજ્ઞાસુની થયેલી ધ્યેયાકાર વૃત્તિ.

(૨)

મેંતો પુજન ચલી હનુમાનકોને મળતો રાગ.

હું તો હરી હરી નામ ચીન્ત મ્હાલું છું હો (૨)
હરી ચિન્ત ચ્હાઉં છું હરીગીત ગાઉં છું—હુંતો.

× સંસૃતિ=સંસાર

પળે પળે નામ રટી, શુદ્ધ કરી મંદમતિ
અચ્યુત ચરણમાં સોહાઉં છું—હું તો
ચલીત આ ચિતવૃત્તિ, મરકટ વત ગતિ
ભટકતી ઝટ અટકાઉં છું—હું તો
સંયમ સરસ સાધી, એકજ લય બાંધી
હૃદય કંદરમાં લપાઉં છું—હું તો
ચિતિ ધુતિ ચળકે, જળહળ ઝબકે
ધ્યાતાને ધ્યેયમાં મચાઉં છું.—હું તો
હરીહીરો હાથ લઈ વૃત્તિશીળ શાંત થઈ
મગન મગન મલકાઉં છું—હું તો.
દીવ્યમણી હાથ આવ્યો, સુધારસ વેહવા લાગ્યો
મણીને મણીમાં મઢાઊં છું—હું તો.

આળસ તથા પ્રમાદમાં વખત ગુમાવતા મનુષ્યને ચેતવણી.

(૩)

પાતળીઆ પાલવ મેલોંરે પાયે પડું છું ને મળતો—રાગ.

બેઠો શું આળસ મરડેરે દુર્મતિ ડાહ્યા !
વિકરાળ કાળમોં મરડે, કચકચાવી દંતજ કરડેરે દુર્મતિ ડાહ્યા.
કોયલડી (૨) કોયલ આંબાપર જાતી;

મંજુલ મધુર સ્વરગાતી;
ફેરી ખાતી મલકાતી,
વાગી ગલ્લોલ ને તુટી પડી ધુળખાતી-એ હોશું.

હરિઆળી (૨) હરિયાળી જમીન પર ચરતું,
મનહર મૃગ જ્યાં ત્યાં ફરતું,
શીતલ સરવર જળ પીતું,
પારધિ જાળે સપડાઇ દુરગતે મરતું-એ હોશું.

ઉન્મત્ત (૨) ઉન્મત્ત થઇ શું મ્હાલે?
વિષય સેવે શું વ્હાલે?
અવસર નકામો ગાળે?
હરીસમરણરૂપી ઢાલથી કાળન ખાળે-એ હોશું.

ઉપદેશ (૨) ઉપદેશ મણીનો માની
હવે ઝટપટ ઉભો થાની
સદગુરૂને શરણે જાની
પીવા ભકિત નિર્મળ નિર્ઝરનું પાણી-એ હોશું.

પ્રભુભકિતમાં અનુરકત વૃત્તિના ઉદ્દગાર.

(૪)

મનેસહાય કરશે મોરારીરે વ્હારે ચઢશે ગોવરધનધારી-રાગ
હું વૃન્તિ પતિવૃતા નારીરે, પ્રભુ ભકિતમાં મચી છું ભા.રી

સ્વામી મૂર્તિ જોઉં ધારી ધારી, ઉરપદમે ઉતારૂં વિચારી
પ્રીતેથી ચંદન પુષ્પ ચઢાવી, શીશ શાશ્વત સ્નેહે નમાવી
વ્હાલાજીને લઉં વધાવી, સર્વસ્વ દઉં વિલાવી—હું વૃતિ
આશા તૃષ્ણાદિક વિષયને વિસારી, પ્રેમ માળા પ્રીતમકર ધારી
મોહ છારીને વિદારી, મિથ્યા મમત્વ મારી—હું વૃત્તિ
જળને શેવાળ જેવી પ્રીતી અમારી, ગાંઠ રેશમની દોરીમાં વાળી
તે કદી નહીં છુટનારી, અનહદ આનંદકારી—હું વૃત્તિ
વિરહ વ્હાલાનો અતિ દુઃખકારી, જેવી ચંદ્ર વિનાની ચકોરી
દશા બુરી થાય મ્હારી, એવી પ્રીતિ નઠારી—હું વૃત્તિ
મણીએ મંત્ર આપ્યો મોહકારી, મારી ભટકતી ટેવ સુધારી
રંક દાસી થઈ આભારી, ન્યાળી વલ્લભ વિહારી—હું વૃત્તિ

સંસારના મિથ્યાત્વ સંબંધી મનને ઉપદેશ

(૫)

ધીમા ધીમા ચાલો મારા પ્રાણરે—એ રાગ

મનમારૂં કહ્યું કંઈક માનરે
ખલક ખોટો પાણીનો પરપોટોજ છે,
એતો દેખતો ગુલાબી ગોટોજ છે,
ધર ધ્યાન રે...... ....મનમારૂં.

માત તાત સુતપત્નિએ, જગત મહીં જંજાળ
સ્વારથ સાધી દુર ખસે, જયારે ઝાલે કાળ
સાચ વસ્તુનો સતત ટોટોજ છે
એતો લક્કડનો લાડુ, તદ્દન ખોટોજ છે
ધર કાનરે........................મન મારૂ
જાગૃતના સુખ વૈભવો, સ્વપ્ને નવ દેખાય
સ્વપ્નમહીં સુખ ભોગવ્યું જાગ્રતમાં ન જણાય
એતો આતસબાજીનો રંગ જોટોજ છે
સદા ફરતો ગબડતો લખોટોજ છે
જુઠો જાણ રે....................મન મારૂ

ઇશ્વર સ્તુતિ.

(૬)

રાગ–ઉપરનો.

વિભુ શ્રવણે સુણો મારી વાત રે
આપ મહામતિ છો, સમર્થ અતિ
ત્રિભુવનના પતિ જોડું હાથ રે—વિભુ

સાખી

જન્મમરણ જેને નથી, અંત નહીં અવતાર,
એક અનાદિ અચલ છો, સર્વ તત્વના સાર.

પરમ ગ્નાતા ગણાતા પીતા છો તમે;
નમન કરીએ અમે-દીનાનાથ રે—વિભુ

વ્યભિચારીને ફીટકાર

(૭)

[માતને તાતનીસાચી શેવામાં શોપ્યું આ તન મનધન-રાગ
જગતમાં મિથ્યા જનમીને સેવ્યો જેણે વ્યભિચાર
નાહક જનુનો ભાર મારી, પત્થર પુત્ર ગમાર.
તે નરને ફીટકાર, હજારો વાર ધીકકાર,
નિજ પતિને પરહરી, સંગ્રહે પરઘર નાર
સુખ આશા ત્યાં રાખવી, મૃગજળ જેવી સાર—શેવ્યો
નાવે નીંદ્રા નયનમાં, ભાવે નહીં ભોજન
કળ પણ પળ પડતી નથી, દરશાન વીણ પ્રીયતન—સેવ્યો.
કુતરો તુ તુ સાંભળી, ટુકડો ખાવા ધાય
પટપટાવતો પુછડી, પેટ કદી ન ભરાય—શેવ્યો.
મુરખ નર નાદાનને, અંધતણા સરદાર
પશુ વનિતને પરવશ થઇ, ભરે નકામો ભાર—સેવ્યો—
પરસ્ત્રી પરધન પર પ્રથમ, ઉપજે અદકો પ્યાર
ગરલ દીસે સુંદર ઘણું, પ્રાણતણું હરનાર—સેવ્યો.—
ગધવ નર તે જાણવા, પીયૂષ ત્યજી વિષ ચ્હાય

લકડના લાડુ જાણા, પેટ ભરી પસ્તાય—સેવ્યો.—
ભોગે રોગ વધે ઘણા, રોગે દેહ પીડાય
મુવા પછી જીવ બાપડો, રૌ રૌ નરકે જાય—સેવ્યો.
મણીમાળા કરમાં ગ્રહી, કરવો શુદ્ધ વિચાર
પરસ્ત્રી માતા સમગણી, ઊતરવું ભવપાર—સેવ્યો.

ઇષ્ટ વિરહથી દુઃખી થતી વૃત્તિનો વિલાપ

(૮)

(પ્રીતમ પાતલીઆ નામ જપીશ નીત તારૂં)—રાગ
પ્રીયતમ પ્રભુપ્યારા, પાસે કાં નવ આવો?
સુરવર સુખકયારા, નાહક ના તરસાવો!
મનગમતા મનમોહન મળીઆ
તનના મનના તાપો ટળીઆ
શોક મોહ ભય ક્રોધજ પળીઆ
છોડી ક્યાં હવે જાવો?.................પ્રીયતમ.
શશી જાતાં કમલીની કુભાયે
આપ વિયોગ હવે ન સહાય
હૈયું મારૂં ચચડી જાય
કરૂણા કંઇકજ લાવો... ....પ્રીયતમ
બ્રહ્મસદનના સુખડાં આપી

દહાદયાસના દુખડાં કાપી
શાંતિ સમીરની લહેરો આપી
શા માટે તલસાવો?... ... ...પ્રીયતમ.
શા માટે સંતાયા સ્વામી?
શુ કંઇ સેવામાં પડી ખામી?
નીશદીન છુ આપની અનુગામી.
વખત વૃથા ન સતાવો... ... ... પ્રીયતમ.
દરશન વિણ હવે શું કરવું?
સરીતા કે કુપમાં જઇ પડવું
પ્રભુપદ પંકજ વીણ કયાં ઠરવું?
પાસે રહી ટટળાવો ... ... પ્રીયતમ.
દીનદયાળ દયા દીલ ધરજો
અનુગ્રહ કીંકરીપર કંઇ કરજો
અભય આપી અશાતના હરજો
દીવ્ય લીલા દરશાવો ... ... પ્રીયતમ.
નાથ નિરંજન કરૂણા લાવો.
વિરહીણી દુખીની શાંત બનાવો
દરશનનો અનુપમ દો લ્હાવો.
તેજપુંજ બતલાવો ... ... પ્રીયતમ.
ચિંતામણી પ્રભુપદમે ભાળયો

દીર્ઘ સમયનો વિરહજ ટાળ્યો
જ્ઞાનાગ્ની ગ્રહી ભ્રમભુત બાળ્યો
અનુપમ લીધો લ્હાવો ... ... પ્રીયતમ.

સર્વત્ર અભેદ અનુભવનારને ધન્ય છે.

(૯)

(સાચો સાહેબ જગકીરતાર પોતે પ્રભુ ઉતારે પાર)–
ને મળતો રાગ.

ધન ધન તે નરનો અવતાર, જેનો જગજીવન પરભ્યાર
જેના પ્રભુજી પ્રાણાધાર, તેના ભાગ્ય તણો નહીં પાર
જંજાળી આ જગનો ઝગડો, વિષ અને વિષ્ટાનો રગડો
શોધી સાચો સાર ... ... ધનધન.
જન્મ જરા રૂપ જબરો ખાડો, આધિ વ્યાધિ ઉપાધી કરાડો
પ્રીતે કર્યો પસાર — ... ... ધનધન.
વિશ્વ નાટકનો વેષ ભજાવી, ઈંદ્રજાળ અદ્દભુત વટાવી
જે પામ્યો કીરતાર— ધનધન.
વર્ણાશ્રમ કુળ જાતિ ભેદો, દેશીય અને વિદેશીય છેદો
સમદર્શી રહેનાર— ... ... ધનધન.
સ્પર્શ-મણી અવનીપર પાકયો, જગદીશ્વર જેણે ઉર રાખ્યો
પ્રાણીમન હરખ અપાર ... . ધનધન.

પંચવિષયો દુઃખકર છે, આત્મજ્ઞાન એજ સુખકર છે.

૧૦

(નગીપ્રેમ નીપજતો કંઇ વાટે કે ઘાટે)—રાગ

નથીનાથ નીરંજન વીના સુખસ્થાન
સહુ દ્રવ્ય પ્રપંચ દીઠા દુઃખખાણ ... ... નથી.
મધુકર મધુ ચુશવાની આશે, જાય કમળની પાસ જો
લુબ્ધ બની લપટાઇ જઇ, હસ્તી મુખ પામે નાશ જો,
સ્પર્શ સ્વાદ સુખમાં આ હાની, પાવકમાં શીતલતા શાની?
રેતીમાં મીઠાશજ શાની? ... ... નથી.
માણીધર મૃગ શોખીન બહુ સુરના, મુરલી મધુરપર ધાય જો
મુગ્ધ થઇ મોહાંધ બનીજઇ, પરાધીન પકડાય જો.
દીપક પતંગની પ્રીની કેવી, ક્ષાર ક્ષારસીંધુના વારી જેવી
શબ્દ રૂપરસ મોજો કેવી! વીષ હલાહલ પ્યાલા જેવી-નથી.
અનુપમ બ્રહ્માનંદ સુખ પ્રત્યે, ક્ષુલ્લક આ સઉ લાગે જો
આત્મજયોતિના પરમ પ્રકાશે, વીષય ઉલુક દુરભાગે જો
માણીમન સંયમસાધી સારો, શોકમોહભય ક્રોધ નીવારો
જડ વસ્તુ સુખ આશા નીસારો, ગોધીજો મારગશુદ્ધ-ન્યારો૦

ચિ-તસ્વરૂપમાં રમણ.

(૧૧)

પાતઝીઆ પરીશ્રમ લોશાને પોહોંચે મારાસમ મારાસમ છે
ને મળતો--રાગ

-હૃદયપદમની અંદર કંદર સુંદરસુખકરશુભઅનુપમસુખ છે.
વાલ્મિક વસિષ્ઠ વિદેહી પામ્યા, સુખ અનુપમ સુખઅનુપમ
સુખં છે.

ધીરજ ધારવી, ચીંતાને બાળવી, મતિને વાળવી.
આ ... ... ધૈર્ય ધરો, ઉંડા ઉતરો ... . -હૃદય
(ચીતવૃતિ છટકી ? હા. ઓર. પુનઃ શાંતથાવ.)
ભટકતા મનને સ્થિર કરવું એ કામ જરાક કઠીણસેજ
કઠીણ છે.

ઓંકાર સ્મરી સ્મરી, એકવાર ફરી, પુર્ણ ધૃતી ધરી
આ ... ... ઉંડા ઉતરો, ત્યાંજ ઠરો.
(ચેતન્યપ્રવાહમાં રમમાણ કરો અણુઅણુમાં અનુભવો
એજ આત્મા એજ પરમાત્માં.)
શાંતીના સાગર અજરઅમર, આત્મસ્વરૂપમાં આવી મળ્યા
માણીના તનમન તાપ ટળ્યા, રોમે રોમમાં દીવા થયા. -હૃદય

ક્લેચ્છા રહિત જન્મમરણથી મુક્ત થવું એજ સવા-તમ છે.

(૧૨)

(એ ગાયે મટુકી લઇ જાઉં)—એ રાગ.

ઓમ અચ્યુત પ્રભુને હું ગાઉં
જેથી જન્મ મૃત્યુના ભયથી મુકાઉં ... ... ઓમ
કોઈ કહે છે વિષ્ણુ સારો, કોઇ કહે છે શીવન્યારો
સાચો મારગ શુદ્ધ ચ્હાઉં ... ... જેથી.
લક્ષ્મીપતિ વૈકુંઠવાસી, મોક્ષદાતા સુખરાશી
સર્વ દેવોને હું ચ્હાઉં .... જેથી
પોતપોતાનું શ્રેષ્ઠગણતાં, પર ધીક્કારી નીજનું ગાતા
સચ્ચિત ચરણમાં સોહાઉં ... .જેથી. ઓમ
અક્ષય સુખનું સ્થાન છોડી, રત્ન ફોડી લઉં ન કોડી
સિદ્ધી સુખે ન લલચાઉં ... ... જેથી
સર્વ દેવો મોક્ષદાતા, સ્વાર્થહીન થઇ ભક્તિ કરતાં,
ક્લેચ્છામાં ન લપટાઉં ... ... જેથી
પરમસુખને પરમશાંતિ, દીપ્તતેજને દીવ્ય કાંતિ,
જ્યોતિમાં ભળી સમાઉં ... ... જેથી

જીવના જોખમેપણ સત્યટેક કદીપણ ત્યજવો નહિ

(૧૩)

જો વિચારી જીવ તારી શી ગતીથશે. —રાગ

ટેકન મુકીએ કદાપ ટેક ન મુકીએ
જીવ જાયતો કદાપી ટેક ન મુકીએ
ટીટોડાનો ટેક શ્રી પ્રભુએ સાચવ્યો,
દઢપ્રયત્નથી સમર્થ સીંધુ થાકવ્યો,
શું તું ક્ષુદ્ર પક્ષિથી નીચો થઇ ગયો— ... ... ટેક.
ધન્ય ટેક ધન્ય હરીશ્ચંદ્ર રાજવી;
વેચી પુત્રને કલત્ર પરમ સાધવી;
નીચ નોકરી કરી પણ ટેક સાચવી ... ... ટેક
દઢ પ્રતિજ્ઞા પાળવા શ્રીરામે શું કર્યું,
માત તાત રાજપાટ સરવે પરહર્યું;
દુષ્ટ દૈત્યને સંહારી દેવ દુઃખ હર્યું ... ... ટેક
સીંહણ સુત સીંહણ કેરીગોડમાં સુતું;
ક્ષુદ્ર શ્વાન કે શીયાળથી નથી બ્હીતું;
ભય ધરે પ્રભુનો પુત્ર નથીજ છાજતું ... . ટેક.
સર્વ સમર્પી પ્રભુને ટેક રાખશો,
સર્વ વ્યાપી દીનદયાળ દુઃખ કાપશે;
અચળ શ્રદ્ધા રાખ માણી! અખંડ સુખ થશે....

સંસારમાં પ્રત્યેક વસ્તુઓ જુઠી છે તેથી સત્ય શોધી તેજ સેવવા યોગ્ય છે.

(૧૪)

લોચન રંગીલા ઓ મોહન રસીલા આવાં રખડતાં ન રાખીયે—રાગ

ક્યાંથી આવ્યો હવે ક્યાંરે જવાનો, પ્રશ્ન આ નિત્ય વિચારીએ.
અસાર સંસાર સાગરમાંથી સાર વસ્તુ શોધી કાઢીએ.
શોધી કાઢીએ, ઉર ઉતારીએ ....ક્યાંથી
સંસારી માયા મહા મોહકારી,
સુખ થોડું આત દુઃખ દેનારી,
પીતાં પિયૂષ પછી ઝેર ઝારી,
ઉપરથી ધોળી અંદરથી છે કાળી,
છોડીને સઘળાં અનિત્ય સુખો, નિત્ય પ્રાત ચિત્ત વાળીએ.
મીથ્યાં માયા કાયા સંબંધ કેટલોં, જ્યાં સુધી મમત્વ ટાળીએ.
ચીત્ત વાળીએ, મમત્વ ટાળીએ ....ક્યાંથી.
(શીતળતા ઇચ્છનાર ઉષ્ણતા મતી નજ જાય.
ભુખ ટાળવા ઇચ્છનાર ધુળના કાઠાથી નજ ધરાય.)
બ્રહ્મ સનાતન આનંદકારી,
જોને અંતરમાં ખોલીને અંધારી,

ઊત્તમ નર દેહ આપ્યો શ્રીહરીએ ફોકટ વખત નવ ગાળીએ.
ચિન્ત ચોડી મણી શ્રીહરીચરણે અજ્ઞાન ગ્રંથી બાળીએ.
કયાંથી.

-હૃદય દેશમાં પ્રભુ દર્શન નહીં થવાથી મુમુક્ષાના ઉદ્દગાર

(૧૫)

(મને તન મન ધન ગણી તાત)—એ રાગ.

ઓ કરૂણાળુ કીરતાર, કરૂણા કીંકરપર કરતા;
નિજ ગણી સંકટ હરતા, તાત, તાત, તાત જગતકર્તા,
હા અનહદ જે ઉપકાર, પાર નહીં પામું વર્ણવતા.
થાકયો હવે જપ જપતાં, તાત, તાત, તાત જગતકર્તા.
જેમ જાળવે જનુની બાળ, ભકત સંભાળ આપ ધરતા,
ક્ષણ એક ન દુર થતા, તાત, તાત, તાત, જગતકર્તા
હું દોષ તણો ભંડાર, આપ છો દીનં તણા ભર્તા
કાં નજર નથી પડતા? તાત, તાત, તાત જગતકર્તા
ટટળુ તલસું ઓ નાથ? પ્રેમમય પાણી આંખ પડતા,
કાં હૃદય નથી ઠરતા? તાત, તાત, તાત, જગતકર્તા

સ્થુલ શરીર નાશવંત છે માટે તેનું અભિમાન કરવું અનુચિત છે.

(૧૬)

(અરે શું માનવનું અભિમાન પલકમાં ટળી જશેરે)—રાગ
અરે આ તનનો શો વિશ્વાસ, આશામાં જશે મરીરે,
થાય જેમ જળ પરપોટો નાશ, શ્વાસ જાશે સરીરે,
શ્વાસ જાશે સરીરે-ક્ષણુકમાં જશે મરીરે—અરે આ તનનો
ધર્મ ધુરંધર ધીરવીર કંઈ થા-આ-આ-લ્યા ગયા,
પૃથિવીરાજ પ્રચંડ સીકંદર ક્યાં-આ-આ છે રહ્યા ?
જુઠો છે માયા પાશ ....અરે આ તનનો.
મોહ મદિરા પી મવાસી, જીવ બન્યો વર વાંકડો,
ધૂળના ઢેફાંસું રમતો, ફાંકડો નર માંકડો,
દેહાત્મવાદી ભાઇ તારો, માર્ગ સ્વાર્થી સાંકડો,
રળિઆમણો ભાસે ખરો, પરિણામે વીંછી આંકડો—
અરે આ તનનો.

ઈશ્વર સ્તુતિ.

(૧૭)

(ચાલો સાહેલી ભુવનેશ્વરીના સહુ મળીને દરશન કરીએ રાગ)
ઓ પ્રભુ પ્યારા (૨) દુઃખ હરનારા, નામ સુખદ નીશ દીન રટીએ,

અધમ ઉદ્ધારા, શાંતિ કર્યારા, પ્રેમ થકી વંદન કરીએ.
રમ્ય રંગ ભુમી બહુ રસ વાળી, માનવને હિતકારી છે.
જળચર, ખગચર, ભુચર, વનચર, વિવિધ લીલા વિસ્તા-
રી છે. .... ઓ પ્રભુ
સુર્ય ચંદ્રને ઈંદ્રવરૂણ એ સુખદાતા શાંતાત્મા છે;
ભુમી જળવાળી કરી ગુણકારી, શીત ઉષ્ણતા યોગ્યજદે.
ઓ પ્રભુ.
નૈસર્ગિક રચના રચી અદ્‌ભુત તુજ ગુણ અગણીત અક-
લીત અમાપ;
ઓ પરમેશ્વર ઓ હૃદયેશ્વર, પાપ હવે નહીં કરૂં કર
માફ.
ચર્કાકર્ષણથી પૃથ્વી રહી પૃથ્વીથી ગ્રહ રહયા અપાર;
સ્નેહા કર્ષણના શુભ નિયમે, ચાલે છે સઘળો સંસાર;
સર્વત્ર જયાં સ્નેહ પ્રવર્તે દુઃખ દારિદ્રનું કયાંથીજ નામ;
ભ્રાતૃ ભાવે રહી સકલજન જઈ રહે શરણે સીતારામ.

મિથ્યા વખત ગુમાવતા નરને ચેતવણી.

(૧૮)

લાવણી

અરે ચેત (૨) હજુ કંઈ ચેત ચતુરનર લટપટ ખટપટ
કરતાં વખત વહી જાશે;
આ પંખી પ્રવાસી કાળ ઉંદર તારી પાંખો કરડી ખાશે.
અરે ચેત.

ઓ મન ! (૨) અરે ઓ મન ! ચળકતુ ધન છોડવું
નથી લાગતું સા–આ–આ-રૂં !
અરે સ્ત્રી પુત્રાદિક તુચ્છ વિષયમાં લીન બન્યું તન તા--
આ-આ-રૂં !
અરે પ્રભુ ભજનમાં ચીત્ત ચોડવું અતિશય લાગે ખા–આ-
આ–રૂં !
અરે ગોટી મોટી આશા? બહુ વેશ અને ટુંક રાત !
પલકમાં થઇ જશે પરભાત, પાછળથી પસ્તાશે... ઓ પંખી.
ઓ મન ! (૨) અરે ઓ મન, મનુષ્ય જીવન ખરેખર
શ્વાસ તણું છે તરણું,
અગાધ જળમય રત્નાકર આગળ નાનકડું ઝરણું,
કાળ કેશરીને અર્પેલું રે નિર્દોષીત હરણું,
ઓ મુરખ નર નાદાન ? ઝંટ છોડ માન અભિમાન.
ધર વાત મણીની કાન, અસુખ અલપાઇ સુખ થાશે.
ઓ પંખી.

ભવયાત્રાથી ત્રાસેલા મુમુક્ષુનો પ્રભુ પ્રત્યે યાચના.

૧૯

(મને સહાય કરશે મોરારીરે ન્હારે ચડશે ગોવર્ધનધારી)

રાગ

પ્રભુ કરે પ્રણામ પ્રવાસીરે, કામ સારો આ મોક્ષાભિલાષી
યાત્રા આ ભવની ભયંકર ભાસી, આપ ચરણમાં પડયો
ઉદાસી..... પ્રભુ

આશ્રય આપી ક્રોધ દોરીના કાપી, નિજ -હૃદયમાં રંક
દો સ્થાપી
સુણીતા નહીં ક્લેશો માપી, ઘણોછો જ્ઞાન રાશી .....પ્રભુ
હું તો છું ભોળો અને દુષ્ટ કામી, ભવ દરિયેઃ નોકાના
હરામી
કાગળની હોડી નકામી, ઉગારો અવિનાશી .....પ્રભુ.
સુખદ ભજન બહુ ભાવે પરંતુ આ ચંચળ ચિત્ત સતાવે
આપ સ્થાને વિષય આવે, દેજો -હૃદય પ્રકાશી .....પ્રભુ.

ભટકતાં મલીન મનને સ્વરૂપમાં સ્થિત કરવું એજ શ્રેષ્ઠ છે.

(૨૦)

(સુંદર ગગન મન મગન નાચે થનન અતિ ઊમંગેર)-ને
મળતો—રાગ.

નીશદીન ભટક ભટક કરતું ફરતું માકલડું મનરે.
તોએ શાંતિ સુખ ન લેતું આત્મ-સદનરે ......નીશદીન
રૂપવતી સ્ત્રીનું વદન જોઈ હરખતું.
તાંદુલા છોડીને તુચ્છ તુષને વળગતું;
રૂચતું નથી કરવા સુખદ પ્રભુ ભજન રે.........નીશદીન
પાણીના પ્રવાહ પેરે નીચે સ્થાન વહેતું;
વિમળ ગંગાપાન ત્યજી ખાળકુંડી ગ્રહેતું,
વળતું નથી સ્થિર થવા -હૃદય ગગન રે ......નીશદીન

શાસ્ત્રના સુબોધ નથી શ્રવણપર ધરતું;
વિષય માંહી મસ્ત બની જયાં ત્યાં વિચરતું;
ગમતું નથી થવું સ્વરૂપમાંહી વિલિન રે ......નીશદીન

અવિનાશી સુખ ઇશ્વર પાસેજ છે, વિષયમાં નથીજ.

(૨૧)

આહા આ શું બનશે—રાગ

તોએ જ્ઞાન નાવે, દુઃખદ અગ્નિમાં ઝંપલાવે......તોયે
પતંગ દીપકપર કેવું ધાતું, ક્ષણમાં ભશ્મીભુત થઇ જાતું;
તોએ તેનું તે ભાવે............તોએ જ્ઞાન.
મનુષ્ય પ્રાણી ઉત્તમ કહેવાય,
રૂપ વિષયપર ફરી ફરી ધાયે,
ખાસડાં અણમુલાં ખાયે,
ચીંતામણી ધુળમા અટવાવે......તોએ જ્ઞાન
કોટી યત્ને પાણીમાંથી મિષ્ટ માખણ નીકળે કે?
પંકશાકર સાથ રોકે ખાવા શું શીરા મળે કે?
પાણીમાં માખણ નહી આવે, કાદવનો શીરો ઓકાવે-તોએ
અવિનાશી સુખ લેવા જાતાં, વિષયમાં માનવ અથડાતાં,
નહી મળતાં બહુ બહુ પસ્તાતા, ફરી ફરી ચઢતા ચક્રાવે.
—તોએ.

બાલસનાતન ધર્મસભાના શીષ્યોની પ્રાર્થના.

(૨૨)

(પુનેમચાંદની ખીલી પુરી અંહી ને મળતો)—રાગ.

જય જય સુરમધુ નરક વિદારક જગતારક હરીરે
રાવણ નાશક વિઘ્ન વિનાશક જગજીવન
મનધરી, નટવર દુખહર વિનતિ આ હ્રદયે ધરી રે
—જય જય

આદ્ય અનાદિ છો વિભુ, હું પદ પંકજદાસ
ભવભંજન મનરંજના, તુજ વીણ કોની આશ!
ત્વંજી તુજ અમલ કમલ દલ લોચન સેવક જાય કયાં રે
વ્રુજ યુવતિઓના ચીત હરનાર, વર્ણન આ રસનાએ
કરી શકું હું કયમ કરી રે.................જય જય

શુભ કામમાં સાહાય થઇ, દુષ્ટ કાજ દુર રાખ;
સુનિતિ સદગુણ સ્થાપીને, દુર્મતિ ઝટકર ખાખ.
ત્રિગુણાતિત તુજને હું લળી લળી લાગું પાય......જય

સુહ્રદ સહુ સાથે મળી, ધરો હરીનું ધ્યાન;
તનમન સૌ તન્મય કરી, પીઓ પ્રભુ રસપાન.
આધિ વ્યાધિને ઉપાધિ સહુ ટળી જશેરે,
વધશે આનંદ આનંદ આનંદ આઠે જામ........જય

આત્મ સ્વરૂપમાં નિત્ય રમણ કરાવવા પ્રભુને પ્રાર્થના

(૨૩)

(પ્રીતમ પાતળીઆ નામ જપીશ નીતતારૂં)—રાગ

નટવર નાગરરે નવધા ભક્તિથી નમીએ
સુખના સાગરરે, પ્રણામ પ્રેમે કરીએ,
વેદ વિષે વિભુ આપ સ્તવાયા,
ધ્યેય જ્ઞેય પ્રમેય ગવાયા,
અજરામર અદ્વય ગણાયા,
આપ સ્વરૂપમાં શમીએ... ....નટવર
સુખકર દુઃખહર છો અવિનાશી,
સર્વ સાક્ષી શુદ્ધ વૈકુંઠવાસી,
ક્લેષ માત્ર હરજો સુખરાશી,
માયાથી બહુ ડરીએ ....નટવર
આપ સ્વરૂપમાં નિત્ય રમાય,
અસત્ય જીવપણુ ભુલાય,
જનમ મરણનો ત્રાસ ટળાય,
દેજો આટલું યાચીએ ...,. ....નટવર

સ્વરૂપમાં સ્થિત રહેવા આત્મબંધુને ઉપદેશ

(૨૪)

ધનાશ્રી

સ્વરૂપે સ્થિત થજો, ઓ બંધુ સ્વરૂપે સ્થિત થજો.
-હૃદય પ્રતિ વળજો, ઓ બંધુ સ્વરૂપે સ્થિત થજો.
જગતતણું સુખ સર્વે જુઠું, માયામાં સરજો... ઓ બંધુ.

એકડે એક અદ્વૈત સુખદ છે, બગડે બે ત્યજજો... ઓ બંધુ. .
જીવપદ છોડી શીવપદમાંહી, વૃત્તિ પોરવજો... ઓ બંધુ.
ભય શંકાદિક-સબળ શત્રુઓ, સત્વર દુર કરજો... ઓ બંધુ.
આત્મરૂપ સર્વત્ર અનુભવી, અચ્યુતપદ વરજો... ઓ બંધુ.

ઇપ્સિતાર્થ અર્પવા ઇષ્ટને વિજ્ઞપ્તિ.

(૨૫)

દીંડી

નમન કરીએ પ્રસન્ન થાજો હે મોરારી,
દેજો ઇપ્સિતાર્થ વિઘ્ન સૌ વિદારી;
કરજો સફળ જીવન દર્શ દઇ તમારૂં;
આપ દર્શ વિના જગત લાગે ખારૂં.
આપ દર્શ માટે યોગી તપ કરે છે,
કોઇ યાત્રા અર્થે વીવીધ સ્થલ ફરે છે,
બંધુ સુત દારા કોઇ પરહરે છે;
સકલ જગત આપ નામને સ્મરે છે;
આપ પરમ પવિત્ર અમે મલીન,
કરજો આપના સ્વરૂપમાં અભીન્ન,
અમે મુર્ખ પ્રમાદી અને બલહીન,
જ્ઞાનામૃત પાજો જાણી અતિદીન.
પ્રભુ જ્ઞાન નૌકા કાણી છે અમારી,
વિના નિપુણ નાવિક સદ્ય ડુબનારી,

મ્હારે આવજો એ નાથજી વીચારી;
ભવસમુદ્રમાંથી નાવ લો ઉગારી.

સમર્થ ગુરૂના શિષ્યે ભયશંકાદિક રહિત થવું જોઈએ.

(૨૬)

(ધીક્કાર છે આ દેહને અથવા નીંદ્રા આવે છે નેન—રાગ.
સમર્થ ગુરૂવર શીરપર રાજે, શા માટે દુઃખથી ડરૂં ?
મસ્તક રૂડી છત્રી ધરી, વરસાદથી કાંછળી મરૂં ?
ગુરૂચરણમાં સર્વસ્વ અર્પી, શા માટે હવે થરથરૂં ?
એજ માતા, એજ પીતા, ભય શંકાદીક શીદ ધરૂં ?
સમર્થ શીરપર સ્વામી જાણી, પ્રહ્લાદ દુઃખથી નવ ડર્યા;
નૃસીંહ નાથે પ્રગટ થઈ, દૈત્ય મારી ભક્ત સુખી કર્યા
નટવર નાગર શીરપર રાખી, મીરાં મૃતથી નવ ચળ્યાં;
વીષના પ્યાલા અમૃત થયા, નામ અમર એના રહી ગયાં.
પારસમણીને લોહ અડતાં, સુવર્ણ જો કદી નવ થયું;
મણીનો સ્પર્શ નથીજ થયો, કદી લોહનું જો લોહ રહયું.
સમર્થ ગુરૂવર શીરપર સ્થાપી, ભય શંકાદીક નવ પળ્યાં;
શ્રદ્ધા નથી ગુરૂ ભકતીમાં કે, સામર્થ્ય ગુરૂનાં નથી કળ્યાં.

દૃશ્ય વિષયના દુઃખથી કંટાળેલા મુમુક્ષુના ઉદ્‌ગાર.

(૨૭)

ભૈરવીને મળતો રાગ.

હે પ્રભુજી આપ પધારોરે (૨)
મુજ તનના તાપ નીવારોરે... ... .. હે પ્રભુજી.
વીધ વીધ વિષયતણા સુખે, લુબ્ધ બન્યો હું ગમાર;
પાવન કરજો પાપીને, કરજો સાક્ષાત્કાર .....હે પ્રભુજી.
સુખ શોધ્યું મેં જગતમાં, સાચું મળ્યું ન કયાંય;
ધૂળથી ભૂખ મટાડવા, વખત ગુમાવ્યો હાય...હે પ્રભુજી.
તરસ છીપે નહીં મૃગ જળે, પથ્થર પાણી ન થાય
દૃશ્ય મહીં સુખ નહીં મળે, કરતાં કોટી ઉપાય...હે પ્રભુજી.
આપ શરણમાં આવીઓ, દેજો આશ્રયસ્થાન;
સદ્‌બુદ્ધી દેજો વિભુ, રત રહું આત્મજ્ઞાન.....હે પ્રભુજી.

ભાવિની ભયંકર ભૂલ.

(૨૮)

સીંહાનો ફનરો—રાગ

ભાવિ ભૂલ કીધી અતી ભારી,
બગ કીધો સુંદર કોયલ કીધી કાળી.
ચંદન કંચન મહીં સુગંધ નહીં વળી,

ગુલાબે સુગંધ મુકી ઘણી સારી ..... ભાવી
મહાન રત્નાકર ખારો કર્યોને,
લઘુ સરોવર તણાં મીસ્ટવારી ..... ભાવી
મયુર મધુરસ્વર મનહર અંગવત,
અશ્રુ પાડે પ્યારી પ્યારી પોકારી. ..... ભાવી
ચકવા ચકવી તણું સત્ય પ્રેમી જોડલું,
રાત્રી સમયે વિયોગી નરનારી. ....ભાવી
ચંદનવૃક્ષને સદગુણી પુરૂષને,
દુઃખદાવાનળ આપે છે ભારી. ....ભાવી.
નાયકા નારી વૈભવવાળી,
પતિવૃતા નારી દરિદ્રી ભીચારી ....ભાવી
વિદ્વજ્જન ધન રહિત બિચારા,
મુર્ખ મનુષ્યો મહા ધન ધારી. .... ભાવી
વ્યાસ મણી વિનવે સહુને જે,
ભાવિ તો ભોગવવે છુટનારી. ....ભાવી

સ્ત્રીમાં આશકિત રાખ્યા કરતાં પ્રભુ પ્રત્યે પ્રેમ કરવો અત્યુત્તમ છે.

(૨૯)

કર ઇશ્વરપર પ્યાર, મુરખજન કર ઇશ્વરપર પ્યાર
ધન યૌવન પતિ માતપિતા ભાત, આખર સર્વ અસાર
મુરખ જન.

મધુરીના મોહે અતિ લપટાણો, સ્ત્રી છે પ્રપંચ કોઠાર.
મુરખજન.
ઉપરથી સારી અંદરથી છે કાળી, તજ ઝેરી સર્પીણી-
ધાર. ..... મુરખજન.
મણી રમણ કર બ્રહ્મ જ્ઞાનમાં, આશ્રય લે સરજનાર.
મુરખજન.

શીલવતી સ્ત્રીએ કેવા અલંકાર ધારણ કરવા જોઇએ.?

(૩૦)

ગરબો

સહુ આર્ય ભગીની સ્વસ્થ ચિત્તે સુણજો રે,
અનુપમ બોધદાયીની આ મણીમાળ પહેરજો રે,
સદાચાર ભલો ચંદનહાર; અમુલ્ય અતિ ગણજોરે,
મૌનવૃત ખરો મુક્તાહાર; પતિવૃત પાળજો રે.

સાખી

ક્રિર્તી એ કંકણ કડાં, આર્જવ માદળીઆં;
સંપ સાતશેરી સાંકળી, નમ્રતા છે તનમનીઆં.... અમુલ્ય-
અનુપમ.
શીળ લીલમ લાકીટ વળી, વિવેક વાળી સાર;
નિતિ નાક નથ પહેરીને, પ્રસન્ન કરો બેન પ્રાણાધાર
અમુલ્ય-અનુપમ,

સદ્‌ગુણ નિર્મળ ગા કરી, ચતુરાઈ ચિત્તહર ચીર;
ધર સંરક્ષણ ઘુઘરા, દુઃખ સમય ધરવી ધીર...અમુલ્ય-
અનુપમ.

સત્ય સુખ વિષયમાં નથી, પણ પ્રભુ ભજનમાં છે.

(૩૧)

હું તો પ્યારાની પાછળ, જોગન બની ને મળતા-રાગ
સુખ શાનું તું માને ક્ષણીક તન,
ક્ષણીક તન ખરૂં કહું છું મનરે .....સમજ મન.
મધુરી મોહીનીનું મનહર મુખડું,
પ્રથમ પ્યાર પરિણામે રૂદન રે.
ઝે—રી—આ—રી—ના—રી— .....સમજમન.
પ્રેમ કુરંગ ઓ મૃગજળ જેવું,
વૃથા મરીશ થશે હાનિ ભંજનરે;
ઝે—રી—આ—રી—ના—રી— ..... સમજમન.
સુંદરતાની પાંચ પુતળી,
સત્વર દૂર કર છો નર્ક-સદનરે.
સા—રી—ગ—મ—પ—ધ—ની— .....સમજમન.
સત્ય સુખ જો શોધે જગતમાં,
પ્રીતે કરીલે મન પ્રભુ ભજનરે.
સા—રી—ગ—મ—પ—ધ—ની.— ...સમજ મન-
સુખ શાનું.

અવસ્થાંતર થયાજ કરે છે, ઈશ્વર આશ્રય માગવો એજ શ્રેષ્ટ છે.

(૩૨)

સાખી

રંક બને રાજા વળી, રાજા બને છ રંક;
અસ્તોદય છે સર્વને, સમજો એ નિઃશંક.
ચઢતી પડતી સર્વને, ગહન ગતિ ન કળાય;
શુકલપક્ષનો ચંદ્ર તે, કૃષ્ણપક્ષે ક્ષીણ થાય.
ભરતી પાછળ ઓટ, ઓટ પછી ભરતી ખરી;
કાળચક્ર હરનીશ ફરે, પકડ જ્ઞાનરૂપી ધરી.
વિપદે ધિરજ રાખવી; નિશ્ચયએ કરવો સહી;
ઇશ્વર આશ્રય માગવો, હીંમતનું હથીઆર લઈ.

સત્ય સુખ કનક કાન્તા ને કિર્તીમાં નથી પણ ઇશ્વરમાંજ છે.

(૩૩)

(આસુરેશ મદ હર ગીરીવર કર ધર)—રાગ.

સ્મરણ કરો ધ્યાન ધરો, એક ઇશ સાચો,
જગતની જંજાળ જુઠી, કાયા કુંભ કાચો.
રત્નનો ભંડાર છોડી, કોડીથી શું રાચો?... ...સ્મરણ.
પવન સાથ પાન ઉડે, શોધ્યું ના જડે!

તેમ પલકમાં પ્રાણ જાશે, શું ખબર પડે?
દીનનો દયાળ સ્મરે, સુખ સાંપડે. ... ... સ્મરણ.
કનક કાન્તા કિર્તી માટે કપટ આચરે,
ઝાંઝવાના જળને નીરખી મોહમાં મરે,
રેતીમાંથી તેલ કાઢે અર્થ શો સરે? .... સ્મરણ.
ગાલ ગુલાબી કમળ વદન શોભીતાં ખરાં;
રૂધીર માંસ ત્રાસ જનક જોજે તું જરા,
ત્રિવિધ તાપ ટાળે તેવો એક ત્રિભુવરા. ..... સ્મરણ.
સત્ય સુખ કનક કિર્તી કદી ન આપશે,
દક્ષીણે પ્રયાણ કરતાં કાશી ન આવશે,
સર્વ સુખના સ્થાન વિના સુખ શું થશે? ...... સ્મરણ
રામ રામ, રામ રામ, નામને સ્મરો,
હરી ભજનની ધુન મચાવી ગર્જના કરો,
સમગ્ર આત્મબંધુ વર્ગ સ્વરૂપમાં સરો. ..... સ્મરણ

હમેશાં એક સરખી સ્થિતિ રહેતી નથી માટે દુઃખમાં ઇશ્વર આશ્રય માગવો એજ ઉત્તમ છે.

(૩૪)

(તાંડવકે દેખને તેન લાયે ચલે ગયે)-રાગ.

કદી ચડતી કે પડતી દશા, નથી કોઇની રહેનારી,

કુસુમ કળીની પેઠે ખચીત ખીલી ખરનારી. ...... કદી.
અમીરી સદાકાળ ભાઈ, નથીજ રહેવાની,
અમીરી એ ફકીરી, કોઈ દીન જરૂર થવાની ....કદી.
મોટા મોટા શ્રીમંત ટુકડા માટે ટળવળે,
ભટકતા ભીખારીને, મન ભાવતું મળે. .... કદી.
જળથી ભરેલી વાદળી, પડી ઉડી જશે,
દુખીઆ દિવસ જતાં વખત વધુ ન લાગશે. ..... કદી.
વ્યાકુળ વિપદમાં નહીં થતાં વિર ધીર રાખવી,
શ્રીહરી સ્મરી સ્મરી મણી મદદ માગવી. .... કદી

પ્રભુ-પ્રાર્થના.

(૩૫)

(વિભુ જય કરી વિઘ્નો હરતા).

વિભુ જય કરી વિઘ્નો હરજો (૨)
અશર્ણ શર્ણને અભરા ભરણ છો, ત્રાતા સુખશાંતિ હરનીશદા, વિપદ બધી બાળજો. ....વિભુ
વિશ્વ વિખ્યાતા, શ્રેષ્ઠ ગણાતા, દીનના દાતા, હે જગત્રાતા,
આધિ વ્યાધિ ને ઉપાધિ, કામ, ક્રોધ, લોભ, મોહ,
મત્સરનો વિનાશ કરજો. ... .વિભુ
અવિચળ, પળપળ, નામ રટું દુઃખહર, ઓ પ્રભુ પ્યારા,
સુખ કરનારા,

દુઃખ હરનારા, સૌથી સારા, દયાનધરૂં, પુજા કરૂં, પાયે
પડું. ..... વિભુ.

અલ્પમતિ મણી તણી, વિનતી ગ્રહજો ધણી,
જગધર, દુખહર, નરવર, ભયહર,
સુખકર -હૃદયે ધરજો. .... વિભુ

સત્ય સુખ વિષયમાં નથી પણ સર્વ તત્વના તત્વ પરમાત્મામાંજ છે.

(૩૬)

લાવણી

અમાર સંસારે અથડાયે, અનેક જન આ જગતમાં;
મારૂં કહી હર્ષીત બહુ થાય, રગદોળાએ આફતમાં.
વિષરસ ઘટ અમૃત રસ ધારી, તેપર બહુ મોહી જાતા;
ઇંદ્રાવણા ગણી અમરફળ, પ્રાશન કરી પછી પસ્તાતા.
માંસરૂધીરની પુતળીમાંહી. આસક્તિ અતિશય ધરતા;
ચીંતામણી ધુળમાં રગદોળી, અતે શાખોડી રળતા.
દિવસના દિવસો નીંદા કે, ગંદા ગપોડામાં ગાળે;
ચાડી ચુગલી જુઠું બોલી, પુણ્ય કર્મ સંચય બાળે.
જે જીભ પ્રભુ ભજન ગાવાની, તીખું તમતમતું ખાતા;
ચાહા, તમાકુ, કે દારૂ પી, પ્યારા પ્યારીના ગીત ગાતા.
આંખોનો ઉપયોગ ઇશ્વરની, કૃતિ જોવામાં નથી કરતા;
નાચ તમાસા ટીપાર્ટી કે, નીંદક નાટકમાં જાતા.

સર્વ નર્કનું સ્થાન નાચનારીને ઘેર કંઇક જતાં,
સત્યનાશ તન ધનનો વાળી, ટાંકી કે પરમો ગ્રહેતા,
દેવોને દુર્લભ નરતનુ આ, તેને જે એળે ગાળે;
ધીકધીક તે નર ધીક હજો, ગંગા છોડી નાહે ખાળે.
વિષય તણા નિશદીન ચીંતનથી, પરમ સત્ય સુખ
ક્યાંથી મળે?
રેતીના ફાકા માર્યાથી, ભામનું દુઃખ ક્યાંથીજ ટળે?
શાસ્ત્ર શ્રવણને પ્રભુ ભજનમાં, આ તનનો ઉપયોગ કરે;
તત્વ વિચારે મગ્ન રહે માણ્ણી, અચ્યુતપદ તે જરૂર વરે.

ચંચળ મન સ્થિર કરવા પ્રભુપ્રતિ પ્રાર્થના.

(૩૭)

(કુસુંબી, કુસુંબી, કુસુંબી રંગ હો ગયા)—રાગ.
પ્રભુજી! વિનંતી! દાસ્યુ ા, દયાળુ દિલે ધારજો;
કૃપા કરીને કૃપાનાથ? ષડ્રીપુદળ સંહારજો.
ષડ્રીપુ, ષડ્રીપુ, ષડ્રીપુ, ષડ્રીપુદળ સંહારજો.
મોરારી, મોરારી, મોરારી. અનાડી મન માહેરૂં;
વાળ્યું વળે નહી દુષ્ટ, ઉપાયો હવે શું કરૂં?
ઉપાયો, ઉપાયો, ઉપાયો, ઉપાયો હવે શું કરૂં?
વિષયને, માયાના, ચીંતનમાં, બન્યું છે એ તો બ્હાવરૂં;
આપો અવિનાશી ગુણો મહાપ. માકલડું કરો પાધરૂં.
માકલડું, માકલડું, માકલડું. માકલડું કરો પાધરૂં.

હૃદયમાં, પધારી, પ્રભુજી, અજ્ઞાન તમ કાપજો.
પ્રહ્લાદને ગણ્યો તેમ, પોતાનો ગણી સ્થાપજો.

યુવાવસ્થા અસ્થિર હોવાથી પ્રભુ ભજન કરવું એજ ઉચિત છે.

(૩૮)

(મારી ઝીણી કેશરલોરે મારી ઝીણી કેશરલો)—રાગ

તારી જુવાની વીતી જાયરે (૨)
જુઠું જોઇ શું મન મલકાયરે ... ... તારી જુવાની.
દીલ્લીની દિવાની જેવી જુવાની, દિવસ ત્રણ રહેનાર,
કાચની કોઠી જેવી કાયાને, ફુટી જતાં શીવાર? ...તારી.
મોહ મદીરા પીને પ્રવાસી ખૂબ બન્યો મગરૂર,
ચાલાકી તારી ચાલશે નહીં, જયારે આવે જમપૂરરે....તારી.
શ્વાસનો પળ વિશ્વાસ નથી રે, પ્રભુજી સું કર પ્યાર,
ઉત્તમ નરદેહ મિથ્યા ગુમાવે, ગુણ વિનાનો ગમાર. ...તારી.

નિત્યના અભ્યાસથી ભાસતું જીવપણું જુઠું છે, વાસ્તવિક શીવપદજ સત્ય છે.

(૩૯)

(રાગ ઉપરનો)

કોઇ ચતુર ચેતી લોરે (૨)
કંઇ મુરખ ગોથાં ખાયરે, ...કોઇ.

મુળ સ્વરૂપ તો અત્યંત શુદ્ધ છે, હંસના જેવું અંગ;
કાગડાની સંગત કરવાથી, કાળો થઇ ગયો રંગરે.......કોઈ.
કીટ નીરંતર ચીંતન કરતાં, ભ્રમર જેવો થાય;
અજા સમુહમાં ઉછરેલો સીંહ, સીંહપણું ભુલી જાયરે....કોઇ
વાસ્તવ જીવપણું નથી ભાઈ, અધ્યાસે એવું જણાય;
તત્વ વિચારે નિત્ય રમેતો, શીવપણું સમજાયરે....કોઈ.
ચતુર હોય તે ચેતે ત્વરાથી, સાધી લે સાક્ષાત્કાર;
પાણી પેલાં જે પાળ બાંધે તે, સત્વગુણી સરદારરે.... કોઈ

દુઃખદ સ્થિતિમાં ધીરજ રાખવાથી ઇશ્વર સહાય કરે છે.

(૪૦)

(સદા સંસારમાં સુખ દુઃખ સરખાં માની લઇએ)—રાગ.

કદી આનંદ, રંગ લ્હેર સુખાકારી લઇએ,
કદી ઉપવાસી અખંડ રહી રાનો રાન ફરીએ,
કદી વિધિ વાંકો હોયે, રૂડું ધાર્યું કુડું થાયે;
સતી શીળવતી તારામતી નીચ ઘર વેચાયે.
ભરતી પાછળ ઓટ, ઓટ પછી ભરતી પાણી;
કાળચક્ર હરનીશ ફરે, પકડ જ્ઞાનરૂપી ધર્ણી.
સુખ પછી દુઃખ સર્વને, ગહન ગતિ ન કળાય;
શુક્લપક્ષનો ચંદ્ર તે કૃષ્ણપક્ષે ક્ષીણ થાય:
ધરી મન શાંતિ, ત્યજી ભ્રાંતિ, ધીરજ હીંમત ધરે;

અનાથના નાથ દીનાનાથ જરૂર મદદ કરે ....કરી.

વલ્લભ પ્રેમમાં અનુરક્ત પતિની આરતિ.

(૧)

આરતીનો રાગ.

જયદેવ, જયદેવ જય પ્રીતમ પ્યારા (પ્રભુ)
શરણાગત દીનદારા વિનવે સુખ ક્યારા — જયદેવ
દુઃખદરીઓ સંસાર, પાર ન કંઈ આવે (પ્રભુ)
નાવિક નાથજી માગ. કાઢે ઝટ લાવે — જયદેવ
તમ વિષ્ણુ તમ શંકર, કૃષ્ણ તમ કૃપાળે ? (પ્રભુ)
સર્વ સુખ મૂળ છોડી, વળગું ક્યાં ડાળે ? — જયદેવ
પુરૂષો-તમ સર્વો-તમ દેવ પતિ પ્યારા (પ્રભુ)
બીજા સઘળા દેવો, તમને ગ્રહો મારા — જયદેવ
તમ સુખમાં મુજ સુખ. દુઃખમાં દુઃખ ધારૂં (પ્રભુ)
શરણા સ્વામી સંગે, જીવન સફળ ધારૂં — જયદેવ.
મંગળ મુર્તી મનહર અંતરમાં ભરૂં છું (પ્રભુ)
ચંદન પુષ્પ ચઢાવી પુજન આ કરૂં છું — જયદેવ
વંદન વંદન વંદન સહસ્ત્રવાર વ્હાલા ? (પ્રભુ)
પતિવ્રત મારૂં પાળું. ગ્રહણ કરો લાલા — જયદેવ
આનંદ આરતિ આજ, સ્નેહે સ્વીકારો (પ્રભુ)
દીનદાસી પ્રભુ માગે, શુભાશીશ તમારો — જયદેવ

દર્શાને પ્રસંગે સત્વર પધારવા વૃત્તિનાં પ્રભુપ્રત્યે વિનંતી.

(૪૨)

તારો ભરોસો મને ભારીરે સીતાના સ્વામી—ને મળતો રાગ
દીનના દયાળુ દિલે ધરજોરે વિનંતી મારી દીનના દયાળુ—
દિલ ધરજો.

દાસી છું પ્યાસી, પ્રીતમજી ઉદાસી,
બુદ્ધિવાળી, જ્ઞાનવાળી વિલાસી,
વિનયથી વ્હાલાજી કાલાવાલા કરે કાંકરી,
શાંતીનું સ્થાન છો, શાંતિના સાગર શ્રીહરી.
હું બાળારે જપું માળા સતત આપ નામની,
ઓ વ્હાલારે, સ્મરી સ્મરી ગાઉં છું દીનજામની,
થોડું બોલું તે વ્હાલા ઘણું કરીને માનજો,
અસ્થિર થાઉં કે આપ જરૂર ચેતાવજો!
દયાન પ્રસંગે પ્યારાજી, ત્વરાથી પધારજો;
ચંદ્ર સ્વામી સ્નેહે વૃત્તિ ચકોરી સ્વીકારજો.

પ્રભુ ભજનમાં તલ્લીન થયેલા મુમુક્ષાના ઉદ્‌ગાર.

(૪૩)

(શું નટવર વસંત થૈ થૈ નાચી રહયો) રાગ.
હવે પ્રભુના ભજન વિના ચેન ના પડે,
ચેનના પડેરે મુજને ચેન ના પડે. .....હવે

સાખી.

ખાનપાન ગમતાં નથી, ગમે પ્રભુનુ ગાન;
સ્નેહ લલિત લાગી મને, બની રહુ઼ં મસ્તાન.
મોકળકું મન થઇ ગયું પાધરૂં,
વિમલ વૃત્તિ વિલોકી વિષયો રડે ......હવે

સાખી

ચંદ્ર વિનાની કુમુદીની, જ્યોતિ વિના અંધકાર;
જગત તણા સુખવૈભવો, સુના લાગે સાર.
એક કીરતાર સકળ વસ્તુના સાર વિણ,
સુખ સાંપડે ન કોઈ વસ્તુ વડે. .....હવે

સાખી

આનંદ ઉછાળા કરે, પ્રેમ -હૃદય ઉભરાય;
પ્રભુજી પ્રેમે પ્રવશ થઈ, મધુર સુધારસ પાય.
ડુબ્યો મણી આ પ્રભુ પ્રેમરસ તરંગમાં
લોકાપવાદ હવે મુજને ના નડે. ......હવે

કર્મ

(૪૪)

માગ મનમાંતનમાં ભર્યો છે ઠર્યો છે ભયજાવું ગજ જોતી-રાગ
અરે કર્મ કુડા કરે, પેટ પાપી ભરે, સુખ શી રીતે પમાય?
લાડુની વાતોના તડાકા મારતાં પેટ કદી ન ભરાય !

કૃતિ જયાં કાગડાના જેવી થાય, હંસપદે શું પહોંચાય?
ઈંદ્ર વારૂણા રોપી કેરી આશા રાખે તે મૂર્ખ ગણાય

પ્રાતઃ કાલે ધ્યાન પ્રસંગે પ્રભુને જગાડવા વૃત્તિની વિજ્ઞપ્તિ.

(૪૫)

(જાગો પિયુ પ્યારારે જગત બધું જાગે રે]-રાગ

જાગોરે પ્રભુ પ્યારારે, વખત વહી જાય છે;
વખત વહી જાય છે, અધીરૂં મન અકુળાય છે.....જાગો
રજની વીતી ગઈ, નાથજી નિહાળો
ધીમે ધીમે તારા અસ્ત થાયરે..... .... વખત
ઘંટીનો ઘોર જુઓ, દુર સંભળાય છે.
રામાઓ રંગે ગીત ગાય રે... .... વખત
વિહંગો વ્યોમમાં ઉડતાં જણાય છે.
મંદ મંદ શીતલ વાયુ વાયરે .... વખત
આનંદ ઓઘ મારા અંતરે ઉછળે છે,
પ્રગટ થાવ, પ્રગટ શ્રી જગરાયરે .... વખત

પ્રભુ વિરહથી વ્યાકુલ થયેલી વૃત્તિનો વિલાપ

[૪૬]

મરાઠી સાખી—રાગ

કોણ ઉપાયે, કોણ બતાવે, પ્રીય પ્રભુનું મુખ ચારૂ;
વિરહ વ્યથાથી દગ્ધ થયેલું, હૃદય કરે કોણ સારૂં;

અરે કોઈ અનુભવી આવોરે, પ્યારા પ્રભુને બતલાવો.
હૃદયના હીરા, નજર ન પડતાં અરર છાતી ચીરાતી,
શોધી શોધી થાક લાગી પણ, શાંતિ નથી દેખાતી
શાં અર્થે પ્રભુ ટટળાવો, શાંતિ સુધા વર્ષાવો.
હૃદયમંદીરે સ્થિર થઈ જોયું, પણ ન જણાયા નાથ,
"હમણાં આવશે, હમણાં આવશે" કરતાં વીતી ગઈ વાત,
નાથ હવે સત્વર આવોરે, રંકને વખત વધુ ના સતાવો.

શીવ સ્તુતિ

(૪૯)

(ગરબી ગાજે શું ગુલાબરે આડંબર ધારી એ રાગ

વિશ્વ આધાર, સ્નેહાગાર, નમીએ હે ત્રિપુરારી !
અર્ધાંગે ઊમિયા નારી
મસ્તકપર ગંગાધારી,
નંદીપર કરતા સ્વારી,
સર્પોથી તનુ શણગારી,
સુખના અંબાર શીવજી સાર, તનમન જઈએ વારી. વિશ્વ.
અનુપમ ને અવિકારી,
અદ્ભુત આનંદકારી,
ગુણ ગાતાં બુદ્ધી મારી
જાયે શંભુજી હારી,
જ્ઞાન ભંડાર, જીવનહાર, શાંતિ દેજો પ્રસારી .... વિશ્વ

હૃદય દેશમાં પ્રગટ થવા સદ્ગુરુને અભ્યર્થના

(૪૮)

તાઉસકે દેખને તેન લાયે—રાગ

વિતિ ગયા બહુ વખત પ્રગટ થાવ રે ગુરુ;
દિન ભક્ત અનુરક્ત રહી પ્રાર્થના કરૂં.
સુખદ નામ આપનું પ્રતિક્ષણે સ્મરૂં;
પ્રગટ થાવ પ્રગટ પ્રભો, વધુ શું કરગરૂં;
અજ્ઞાન જન્ય અંધ ચક્ષુ અંજન સદ્ગુરુ;
સંસાર સાગર સહાય વિના શી રીતે તરૂં?
દર્શનામૃત પાન વિના તરફડી મરૂં?
સધ આવો, પ્રગટ થાવો, અબળ સદ્ગુરૂ.

તત્વ વિચાર.

(૪૯)

(જંજાળી જીવડા આ જગતમાં જો જો શું રાચે?)-રાગ

નીજ શીવપદ છોડી જીવપદે શું અકડાતો?
અમૃત રસ ત્યજીને, વિષ્ટાથી કાં હરખાતો?
નથી જીવતું શીવ છે, વેદ વાક્ય પ્રમાણ,
નથી મુર્ખ તું જ્ઞાની છે, તું છે રતનની ખાણ

ચિંતામણી છોડી, કોડીથી શું ખુશ થાતો?...નિજ શીવપદ.
જપાકુસુમની નિકટમાં, મણી પણ રકત જણાય
જીવપદના અભ્યાસથી, શીવપદ નહીં સમજાય રે
"સચ્ચિદ શીવ હું છું" અનુભવી થા મદ માતો નિજ શીવપદ.

સત્યનો જય છે.

(૫૦)

રોલ રાગ

સત્યનો જયજયકાર, પ્રભુજી પાલનહાર
ધૈર્ય ધરે, હરી સાહ્ય કરે, સુખ શાંતિ મળે,
ઓમ શાંતિ; શાંતિ; શાંતિ;
સુખને દુઃખ છે ઘાસની તાપણી જાતાં ન લાગે વાર
જીવ પ્રમાદી શોક શંકા ધરી નાહક થાય ખુવાર,
ધારક તારક વ્યાપક અચ્યુત શીદ ધરે સંતાપ?
એજ બચાવશે, એજ ઉગારશે ટાળશે તનમન તાપ,
ઓમ શાંતિ; શાંતિ; શાંતિ; (૩)

જાહેર ખબર.

આ ચોપડી અહીઆનાની પોસ્ટ ટીકીટો મોકલ
નીચેના ઠેકાણેથી મળશે.

રા. રા. રણછોડજી હરીશંકર પંડયા
મુ૦ કડોદ જી. સુરત.

રા. રા. દેશાઇ ધીરજરામ મંછારામ
મુ૦ વ્યારા પ્રાંત નવસારી.

રા. રા. ભવાનીશંકર પ્રેમશંકર નાયક
મુ૦ વાલોડ-ગુજરાત.

રા. રા. ઇચ્છારામ ગોપાળજી
મુ૦ બલેશર પ્રાંત નવશારી

કર્તા પાસેથી
માંડવી જીલ્લે સુરત.